પશુધન મરણ પામતાં પશુપાલકોને આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે

## વાઘોડિયા તાલુકામા ચાર પગાએ મચાવ્યો હાહાકાર, 36 કલાકમા 5 પશુ ફાડી ખાધા

**પશુપાલકો** અને સ્થાનિકોને પોતાના જાનમાલ અંગે ચિંતા વ્યાપી

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13 વાઘોડિયા તાલુકા પંથકમાં ફરી એકવાર ચારપગાએ હાહાકાર મચાવ્યો છે.તાલુકાના દંખેડા, તવરા, વેડપુર અને ઝવેરપુરા મડી કુલ 5 પશુનુ મારણ કરતા પશુ પાલકોમા ફફડાટ ફેલાયો છે. વાઘોડિયા પંથકમા દેવકાંઠા હોય કે ડુંગર વિસ્તાર દિપડાનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે જેના કારણે ખેડૂતો અને પશુપાલકોમાં ફાફડાટ ફેલાઈ જવા પામ્યો છે.દંખેડા ગામે શાંતીલાલ બાલુભાઈ પરમારની ચાર વર્ષની ગાયનુ મારણ કર્યુ છે.વહેલી સવારે દીપડો શિકારની શોધમાં વેડપુર ગામે રહેનાંક વિસ્તારમાં ઘૂસ્યો હતો. જ્યાં પશુપાલક ભાઈલાલભાઈ અનુપસિંહ ચૌહાણના પશુનુ મારન કર્યું હતું.જ્યારે મોડિ રાતે ગોરજના ઝવેરપુરામા રહેતા ગણપતભાઈ શંકરભાઈ પરમાર ના ખીલે બાંધેલ બળદ નો શિકાર કર્યો હતો. એજ પ્રમાણે વાઘોડિયા નગરપાલીકા વિસ્તારના તવરા ગામે દંખેડા રોડ પર રહેતા વિજયભાઈ પ્રતાપભાઈના બે જેટલા પાડીયાનુ મારણ કરતા વાઘોડિયા તાલુકામા દિપડાના આતંક જોતા હાહાકાર મચી ગયો છે છેલ્લા 36 કલાકમા શિકારની શોધમાં તાલુકાના ગામોમાં દિપડાના આટા ફેરા વધી ગયા છે. જેને લઈ પશુપાલક, ખેડૂતો અને ગ્રામજનોમાં દીપડાનો ભય જોવા મળી રહ્યો છે.હાડથીંજવતી ઠંડિમા પશુઓને ઘર આંગણે બાંધી પરીવાર રાતે સુતો હોય, અને વહેલી સવારે પોતાના પશુને ચારો નાંખવા જતા ઘર આંગણે ખીલે બાંધેલ પશુનુ મારણ કરેલી હાલતમા જોતા પશુ પાલકોની હાલત કફોળી બની છે. ઘટનાના પગલે ગામલોકોના ટોડેટોડા પશુ પાલકના ઘરે ઊમટી પડ્યા હતા. દિપડો શિકારની શોધમા ગામ તેમજ સીમમા લટાર મારતો હોય લોકોને દિવસે અને રાતે ઘર બહાર નિકડતા ચારપગાની બીકે થરથર ધ્રુજી રહ્યા છે.પશુ પાલકો ઘટના અંગે વનવિભાગને જાણ કરતા ફોરેસ્ટર પણ એકજ રાતમા આટલા પશુનુ મારણ જોતા ક્યાંથી પંચક્યાસ શરુ કરવો તેવી મુંજવણમા મુકાયા છે મહત્વની વાત છે કે વાઘોડિયા તાલુકામા માત્ર 36 કલાકમાંજ 5 પશુનુ મારણ કરતા દિપડાનો આતંક ફરીથી સક્રીય જોવા મડ્યો છે.કેટલાક વિસ્તારમા ધોડે દિવસે દિપડાની હિલચાલ જોવા મડતા વનવિભાગને પાંજરા મુકવા ગ્રામજનોએ ફરજ પાડી હતી. પરંતુ વનવિભાગ લાખ પ્રયત્નો કરે દિપડો પાંજરે પુરાવાનુ નામ નથી લેતો, તેવામા પશુ ચરાવવા કે ખેતી કામ અર્થે જતા ખેડુતો- પશુ પાલકોમા ભય જોવા મડી રહ્યો છે તો બીજી તરફ પશુધનનો ખાત્મો કરનાર ચારપગાને કારણે પશુ પાલકોને આર્થીક ફટકો ભોગવવાનો વખત આવે છે.

## જાંબુઘોડાના મુખ્ય માર્ગો ઉપર રેતીના ભરેલા વાહનોથી અકસ્માતનુ જોખમ

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.13 જાંબુઘોડા ના કણજીપાણી તેમજ છોટાઉદેપુર જિલ્લા ના પુર્વ પટ્ટી વિસ્તાર માં બિલાડી ની ટોપની જેમ ફુંટી નીકળેલ રેતીના સ્ટોક ઉપર થી રાત દિવસ બે ફામ પણે અને બે રોક ટોક ટ્રેક્ટરો તેમજ મોટા મોટા હાઇવા ઓ ઓવરલોડ રેતી ભરી વાહન ચાલકો બેફામ પણે ચાલી રહ્યા છે જેના પગલે નાના વાહન ચાલકો ને અકસ્માત નો સતત ભય સતાવતો રહે છે તેમજ જાંબુઘોડા ગામ માંથી રાત દિવસ દોડતા રેતીના વાહન ચાલકો માટે જાંબુઘોડા નો રસ્તો આશીર્વાદ સમાન થઈ ગયો હોય તેવું લાગી રહ્યું છે ત્યારે ખાણ ખનીજ વિભાગ તેમજ આર.ટી.ઓ. ના અધિકારીઓ આવા વાહન ચાલકો સામે લાચાર હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આવા રેતીના ભારદારી વાહનો માં મોટા ભાગ ના વાહનો ઉપર નંબર પ્લેટ, બ્રેક લાઈટ કે કોઈ પણ જાતના આર.ટી.ઓ. ના નિયમો નું પાલન પણ કરવામાં આવતું નથી.ત્યારે ઘણા વાહન ચાલકો ના ડ્રાઈવરો પાસે લાયસન્સ પણ હોતા નથી જેના પગલે ખાણ ખનીજ વિભાગ કે આર.ટી.ઓ. ના અધિકારીઓ દ્વારા રેતીના વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તો ચોકાવનારી હકીકતો બહાર આવે તેમ છે તો શું જવાબદાર અધિકારીઓ આવા વાહન ચાલકો સામે કોઈ એક્શન લેશે કે પછી હપ્તા રાજ ચલાવશે તેવું લોક મુખે ચર્ચા રહ્યું છે ?

ઘરમા એકલા રહેલા વૃદ્ધ દંપતીને નિશાન બનાવી તસ્કરો ખેલ પાડી ગયા

## બોડેલીમાં સોનુ ચમકાવવાના બહાને ત્રણ તોલા સોનાની છેતરપિંડીથી ઉહાપોહ

(પ્રતિનિધિ) બોડેલી, તા.13 બોડેલીમાં સોનુ ચમકાવવાના બહાને ત્રણ તોલા સોનાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. ઘરમા એકલા રહેલા વૃદ્ધ દંપતીને નિશાન બનાવી બે ઈસમોએ તરકટ રચી સોનાના દાગીના લઈ ફરાર થતા વિસ્તારમાં ચકચાર મચી છે.

સોના ચાંદીનો ભાવ આસમાને છે ત્યારે સોનુ ચાંદી ચમકાવી આપવાના બહાને છેતરપિંડી કરનાર ઠગ ટોળકી સક્રિય બની છે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી શહેરના ગંગાનગર સોસાયટીમાં રહેતા પટેલ પરિવારના વૃદ્ધ દંપતી ઘરે એકલા હતા, તે દરમિયાન એક ઈસમ વાસણ ઘસવાનું લિક્વિડ વેચવા આવ્યો હતો. શરૂઆતમાં પોતે કંપનીમાંથી આવ્યો હોવાનું કહી લિક્વિડ આપ્યું અને આસપાસના લોકો તેને ખરીદી ઘરમાં ગયા બાદ વૃદ્ધ દંપતી એકલા હતા તે વખતે ઈસમે વાસણ ઘસી બતાવવાના બહાને પિત્તળનો લોટો અને ચાંદીના દાગીના પણ ચમકાવી આપ્યા ત્યાર બાદ વૃદ્ધ મહિલાએ પહેરેલી સોનાની બંગડી જોઈ તેને પણ ચમકાવી આપવાની વાત કરી, પરંતુ બ્રશ ન હોવાનું કહી બીજા એક ઈસમને બોલાવ્યો. બન્ને ઈસમોએ સોનાની બંગડી લિક્વિડથી ધોઈ, તેમાં હળદર નાખી ડબ્બામાં મૂકી આપી અને 20 મિનિટ બાદ કાઢવા જણાવ્યું. વહેલી કાઢશો તો કાળી થઈ જશે એવી વાત કહી બંને ઈસમો ત્યાંથી ફરાર થઈ ગયા.

થોડા સમય બાદ ડબ્બું ખોલતા અંદર મુકેલ સોનાની બંગડી બિલકુલ પાતળી થઇ ગયેલી જોવા મળતા 6 તો લાની બંગડીમાંથી ત્રણ તોલા જેટલું સોનુ ગાયબ હોવાનું જણાતા પરિવાર ચોંકી ઉઠ્યો. ત્રણ તોલા સોનાની છેતરપિંડી થઈ હોવાની જાણ થતા વૃદ્ધ દંપતીના પુત્રએ પોલીસને રજુઆત કરી હતી.

નવ ગામોના આશરે ૬૦૦ જેટલા રેશન કાર્ડ ધારકોને હેરાનગતિ

## ડભોઈ નગરપાલિકા દ્વારા નવનિર્મિત "દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ"નું લોકાર્પણ કરાયું

**છેલ્લા** પાંચ વર્ષમાં વિવિધ વિકાસ કામોથી ડભોઇ નગર ચમકી ઉઠ્યુ છે : નાગરિકો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13 ડભોઇ નગરપાલિકા દ્વારા સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને 15 મું નાણાપંચની 6 કરોડ કેટલી ગ્રાન્ટનો ઉપયોગ કરી નગરજનો અને યુવાનો, બાળકો માટે ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ પ્રમુખ બિરેનભાઈ શાહ, ઉપપ્રમુખ મનોજભાઈ પટેલ, કારોબારી ચેરમેન તેજલબેન સોની તથા નાણાંપંચ ચેરમેન વિશાલભાઈ શાહ અને તેમની નગરપાલિકા ટીમ દ્વારા ડભોઇ નગરના નગરજનો માટે ભવ્ય "દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ" નું નિર્માણ કરવામાં આવ્યું છે. જે દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલનું આજે ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતાના વરદ હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ લોકાર્પણ કાર્યક્રમ નિમિત્તે સ્પોર્ટ્સ સંકુલમાં સત્યનારાયણ ભગવાનની કથા પણ કરી ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ સ્પોર્ટ સંકુલમાં ખૂબ વિશાળ સ્કેટિંગ ટ્રેક, વિશાળ બોક્સ ક્રિકેટ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ ફુલ રેકેટ, ચેસ, કેરમ જેવી વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. લોકાર્પણ કાર્યક્રમ બાદ ગુજરાતના લોકલાડીલા લોકગાયક ઉમેશભાઈ બારોટ અને તેમની ટીમનો લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરામાં ધાર્મિક, દેશભક્તિ તથા ફિલ્મી ગીતોની રમઝટ થી લોકોએ અનેરો આનંદ ઉઠાવ્યો હતો. ડભોઇ નગરપાલિકા દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ વિકાસના કામો કરવામાં આવ્યા છે.

રળીયાતી ઓળીઆંબા ફળિયામાં પોલીસ પર હુમલાની બનેલી ઘટના

## પોલીસ પર હુમલો કરનારા બંને બુટલેગર બાપ દીકરાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.13 દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સંતોષભાઈ રમેશભાઈ ડામોર નામના પોલીસ કર્મી પોતાને મળેલી પ્રોહી અંગેની બાતમીને આધારે સાંજના સમયે દાહોદ તાલુકાના રળીયાતી ગામે ઓળીઆંબા ફળિયામાં રહેતા અને પોતાના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરતા તુષારભાઈ મોતીભાઈ ગણાવા નામના બુટલેગર ના ઘરે પ્રોહી રેડ પાડવા ગયા હતા. તે વખતે રેડ સમયે બુટલેગર તૃષારભાઈ મોતીભાઈ ગણાવા તથા તેના બુટલેગર પિતા મોતીભાઈ અનુપભાઈ ગણાવા બંને હાજર હતા અને બંને બાપ દીકરાએ પોલીસને જોઈ એકદમ ઉશ્કેરાઈ જઈ પોલીસ કર્મી સંતોષભાઈ રમેશભાઈ ડામોરને બેફામ ગાળો બોલી, અગાઉ કરેલી રેડોની રીસ રાખી, ×તમો વારંવાર મારા ઘરે જ રેડ કરો છો.×તેમ કહી જાણીબુઝીને બંને બુટલેગર બાપ-દીકરાએ ગુનાહિત બળવાપરી, મારી નાખવાના ઈરાદે તુષાર ગણાવાએ પોલીસ કરમી સંતોષભાઈ ડામોરને માથામાં ડાબી બાજુના ભાગે કુહાડીનો ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી બંને બુટલેગર બાપ-દીકરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. તાલુકા પોલીસે આ મામલે પોલીસ પર જાનલેવા હુમલો કરનારા રળીયાતી ગામના ઓળીઆંબા ફળિયામાં રહેતા તુષારભાઈ મોતીભાઈ ગણાવા તથા તેના પિતા મોતીભાઈ અનુપભાઈ ગણાવા વિરુદ્ધ સરકારી કર્મચારી એવા પોલીસ કર્મી પર હુમલો તથા પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યા સબબ ગુનો દાખલ કરી આગળ કાર્યવાહી હાથ ધરી બંને બુટલેગર બાપ-દીકરાની ધરપકડના ચક્રો ગતિમાન કરી ગણતરીના કલાકોમાં જ બંને બુટલેગર બાપ-દીકરાની ધરપકડ કરી બંનેની સારી એવી ખાતિરદારી કરી જેલના સળિયા પાછળ મોકલી આપ્યા છે.

## બોડેલી નવજીવન હાઈસ્કુલના શિક્ષક તેજલબેન પંચાલનું સન્માન

(પ્રતિનિધિ) બોડેલી, તા.13 નોલેજ વેલી ફાઉન્ડેશન આયોજિત "ગુજરાત સારસ્વત સન્માન 2026" હેઠળ રાજ્યના 15000 ઉત્તમ શિક્ષકોના સન્માનિત કરવાના લક્ષ્યાંકના પ્રથમ તબક્કામાં 2525 શિક્ષકોનું સન્માન પાલનપુર ખાતેની ધ સ્કૂલ ઓફ સાયન્સ શાળામાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જેમણે નવીન અભિગમોથી વર્ગખંડોમાં, શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ કાર્ય કર્યું છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને એનસીએફની અસરકારકતા, આનંદદાયી શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જીવન મૂલ્યો ચરિતાર્થ કરવા સમર્પણ ભાવે કરેલ કાર્યની કદરરૂપે શિક્ષકોને સન્માનિત કરાયા હતા. જેમાં છોટાઉદેપુર જિલ્લાની નવજીવન હાઈસ્કુલના ઉત્તમ શિક્ષક તેજલબેન એન. પંચાલનું ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમજ જિલ્લા સંયોજક તરીકે બહુમાન કરવામાં આવ્યું.

## શિનોર તાલુકામાં ઉત્તરાયણ પર્વની ઘરાકી નિકળતા દુકાન ધારકોમાં ખુશીનો માહોલ

**શિનોર :** શિનોર તાલુકાના શિનોર સેગવા સાઘલીમાં પતંગ રશિયાઓમાં ઉત્સાહ જોવા મળ્યો શિનોર તાલુકાના મકરસંક્રાંતિના પર્વને આડે એકાદ દિવસનો સમય બાકી છે ત્યારે વડોદરાના સેગવા, શિનોર, સાઘલીમાં તહેવારને અનુરૂપ પતંગ રશિયાઓ ખરીદી કરવા નિકળતા પતંગ બજારના સ્ટોલો સહિત નાના મોટા વેપાર ધંધા કરતા દુકાનદારોને ત્યાં માડમાળ ઘરાકીનો માહોલ જોવા મળતા બજારમાં ઘરાકી નિકળતા વેપારીઓમાં પણ ખુશી જોવા મળી રહી છે. પતંગ દોરાના ભાવમાં વધારો હોવાછતાં પતંગ રશિયાઓ પતંગ અને દોરા લેવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા પ્રજાજનો તહેવારની ઉજવણી કરવા હોંશે હોશે ખરીદી કરતા નજરે પડી રહ્યા છે. મને પતંગ રશિયાઓમાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો છે...

નવ ગામોના આશરે ૬૦૦ જેટલા રેશન કાર્ડ ધારકોને હેરાનગતિ

## વાઘોડિયાના વેડપુર ગામે સસ્તા અનાજની દુકાને ઓછું અનાજ આપતા હોબાળો

સંચાલક અનાજ ઓછુ આપતા હોવાની ગૌરવભેર કબુલાત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13 ગરીબોને બે ટંક નું ભોજન મળી રહે તે માટે ગરીબી રેખા હેઠળ આવતા પરિવારોને સરકાર દ્વારા રાહત દરે અનાજનો કેટલો જથ્થો રેશનીંગ પર આપવામાં આવે છે પરંતુ ગરીબોના પેટનો ખાડો પુરવા માટે આપાતા અનાજમાંથી પણ સંચાલક અનાજની કટકી કરી નાંખતા જાગૃત લાભાર્થીઓ ધ્વારા ઓછું અનાજનો વિરોધ કરી સમગ્ર કાંડ નો પર્દાફાસ કર્યો હતો. પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર કેન્દ્ર, વેડપુર ખાતે એકત્ર બન્યા હતા. સંચાલકે આપેલી પાવતી મુજબ 15 કિલો ચોખાના બદલે 14 kg ચોખા ત્રાજવે જોખતા જોવા મડ્યા હતા. આ મામલે દુકાન સંચાલક અનિલ રાવ સોનવનેએ ઘઊ, ચોખા, દાળ વગેરે તોલમાપ કરતા વેરાઈ જાય છે. જેના કારણે પોતે એક એક કિલો અનાજ ઓછુ આપતા હોવાનો ગૌરવભેર બચાવ કર્યો હતો.

જોકે ગામલોકો ધ્વારા સસ્તા અનાજ સંચાલક સામે મહિને ગરીબોની કટકીનુ આશરે છસો કિલો ઊપરાંત ઘઊ ચોખા સગેવગે થતુ હોવાના આક્ષેપ સાથે વાઘોડિયા મામલતદારને લેખિતમાં ગ્રામજનો દ્વારા અરજી આપવામાં આવી હતી. જોકે આ મામલે ક્યા પ્રકારની કાર્યવાહી મામલતદાર કચેરી દ્વારા કરવામાં આવશે તેવું પૂછતા મામલતદાર હિતેન્દ્રસિંહ ગોહિલે હાલ કંઈ પણ કહેવાનો અને કરવાનો ઈન્કાર કર્યો હતો. આ મામલે ઊતરાયણની રજા પુરી થયા બાદ તપાસ કરી જવાબ આપવા જણાવ્યું હતું. જોકે ગ્રામજનોએ ચિમકી ઊચ્ચારી છે કે સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે તો કલેક્ટર કચેરીએ જઈ રજૂઆત કરશે, પરંતુ ગરીબોના હકનુ અનાજ લઈનેજ જંપશે તેવી વાત કરી હતી.

## ધાનપુરના ઝાબુ ગામે સરકારી સસ્તા અનાજની દુકાનમાં ગરીબોના હક પર ખુલ્લી તરાપ

લોકોના અનાજમાંથી કટકી કરાતા તપાસની માંગ કરાઇ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.13 સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને બે ટંકનું ભોજન સસ્તા ભાવે મળી રહે તે હેતુથી પંડિત દીનદયાલ સરકારી સસ્તા અનાજની દુકાનો ચલાવવામાં આવે છે. પરંતુ ધાનપુર તાલુકાના ઝાબુ ગામે આવેલી સરકારી સસ્તા અનાજની દુકાનમાં આ યોજના સાથે ખુલ્લેઆમ છેડછાડ થતી હોવાની હકીકત સામે આવી છે.ઝાબુ ગામની પંડિત દીનદયાલ સરકારી સસ્તા અનાજની દુકાન ખાતે સ્થળ ઉપર રેશનકાર્ડ ધારકોના રેશનકાર્ડ ચેક કરી અને આપવામાં આવેલ અનાજનું વજન માપવામાં આવ્યું, જેમાં ચોંકાવનારી હકીકત સામે આવી હતી. રેશનકાર્ડમાં દર્શાવેલ જથ્થા કરતા ૧૦ થી ૧૫ કિલો સુધી અનાજ ઓછું આપવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થયું.

આ અંગે દુકાનના સંચાલક કાગદી બુરહાનભાઈ કલમુદ્દીનને સીધો પ્રશ્ન પૂછવામાં આવતા તેણે સ્વીકારોક્તિ સમાન જવાબ આપતાં જણાવ્યું હતું કે "ખર્ચા કાઢવા માટે અમારે અનાજ કાપવું પડે છે". સંચાલકનો આ જવાબ દર્શાવે છે કે ગરીબોના ભાગનું અનાજ કાપવું તેની નિયમિત પ્રથા બની ગઈ છે.

સ્થળ ઉપર હાજર રહેલા રેશનકાર્ડ ધારકો દ્વારા પણ જણાવ્યું હતું કે અનાજ મેળવવા બદલ નિયમ મુજબ લેવાની રકમ કરતા વધારે રૂપિયા ૪૦૦ સુધી વસૂલવામાં આવે છે. એટલું જ નહીં, અનાજ મળ્યાની કોઈ અધિકૃત રસીદ આપવામાં આવતી નથી, માત્ર હાથે લખેલી ચિઠ્ઠી આપવામાં આવે છે, જેને તોલમાપ કરનાર વ્યક્તિ અનાજ આપ્યા બાદ ફાડી નાંખે છે.

**જાહેર હરાજી**

લુણાદરા પ્રાથમિક શાળા તા.ડભોઈના એક જર્જરીત ઓરડા કે જેની અપસેટ કિંમત ૧૬૯૬૫.૯૪ છે, જેને તોડવા ઉતારવા અંગેની જાહેર હરાજી તા.૨૨-૧-૨૬ ના રોજ સવારે ૧૧ કલાકે રાખેલ છે, ઈચ્છિત ઈસમોએ ૨૨-૧-૨૬ના રોજ ૧૦ કલાક સુધીમાં રૂા.૨૦૦૦(અંકે રૂા. બે હજાર પૂરા) ડિપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે,જાહેર હરાજી મંજૂર કરવી કે ન કરવી તેની સત્તા SMC ની રહેશે., હરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

SMC લુણાદરા પો.અમરેશ્વર તા.ડભોઈ જિ.વડોદરા